ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Department of Science & Technology
Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date 10th May, 2021

પ્રતિ,

તંત્રી શ્રી,

................................, ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પરમાણું પરીક્ષણ: પોખરણ

**રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ નિમિતે** "Vocal for Local Technology : Proud Wing of India"

વિષય પર ડૉ. બી.કે. ત્યાગીના તજજ્ઞ પદે ૧૧ મે,૨૦૨૧ને મંગળવારનાં રોજ સવારે ૧૦:૩૦ કલાકે વેબિનારનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

૧૧ મે ને દેશભરમાં રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસને ભારત ભરમાં ઉજવવાનો મુખ્ય ઉદેશ્ય ભારત દેશે હાસિલ કરેલી ખુબજ મોટી સફળતા દ્વારા દેશનાં શૂરવીરોની કીર્તિને સન્માનિત કરવાનો તથા દેશને આ ક્ષેત્રે વધુ ને વધુ આગળ વધવા માટે પ્રોત્સાહન આપવાનો છે. ૧૧ મે,૧૯૯૮ના દિવસે પ્રખ્યાત એરોસ્પેસ એન્જીનીયર અને ભારતના રાષ્ટ્રપતિ ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામ સાહેબના નેતૃત્વ હેઠળ ભારતે રાજસ્થાનમાં ભારતીય સૈન્યની પોખરણ ટેસ્ટ રેંજ પર ઓપરેશન શક્તિ મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું , જે પોખરણના પાંચ પરમાણુ પરિક્ષણોમાં પ્રથમ છે. ત્યારબાદ તે સમયનાં વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ભારતને પરમાણુ રાષ્ટ્ર જાહેર કર્યું, જેનાથી તે વિશ્વના 'પરમાણુ ક્લબ' નો છઠ્ઠો દેશ બની ગયો. આથી, 1999 થી 11 મે 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ૧૧ મે,૨૦૨૧ને મંગળવારનાં રોજ સવારે ૧૦:૩૦ કલાકે લાઇવ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તજજ્ઞ તરીકે ડૉ. બી. કે. ત્યાગી( વૈજ્ઞાનિક- F, ભૂતપૂર્વ ડાયરેક્ટર, વિજ્ઞાન-પ્રસાર સંસ્થા) "Vocal for Local Technology : Proud Wing of India" વિષય પર વિશેષ માહિતી પ્રદાન કરશે. આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે ડૉ. ગીરીશ ગૌસ્વામી(પ્રોજેક્ટ ડાયરેક્ટર, પ્રાદેશિક સાયન્સ મ્યુઝીયમ, ભાવનગર) તથા ડૉ. ભાવેશ ભરાડ(ચેરમેન, લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) પણ ઉપસ્થિત રહેશે .

આ વેબીનારમાં ભાગ લેવા માટે www.krcscbhavnagar.org / current events પર તા. ૧૦-૦૫-૨૦૨૧ રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધીંમાં પોતાના નામની નોંધણી કરવાની રહેશે.

10-5-21
1 pm

(હર્ષદ જોષી)

કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.